# મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ ખાતે ગ્રામ સેવકશ્રીઓ માટે તાલીમ કાર્યક્રમ યોજાયો

મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ અને જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી અમદાવાદના સંયુક્ત ઉપક્રમે કૃષિ પ્રગતિ પોર્ટલ અને ડાંગરની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ બાબતે તા. ૦૫/૦૪/૨૦૨૫ ને શનિવારના રોજ નવાગામ કેન્દ્ર ખાતે તાલીમ કાર્યક્રમ ગોઠવવામાં આવેલ હતો. સદર કાર્યક્રમમાં અત્રેના કેન્દ્ર ખાતેના વૈજ્ઞાનિકશ્રીઓ તથા શ્રી રવીન્દ્ર સિંહ, મદદનીશ ખેતી નિયામક (ધોળકા), શ્રીમતી પારૂલબેન મકવાણા, મદદનીશ ખેતી નિયામક (અમદાવાદ) તથા અમદાવાદ જીલ્લાનાં ગ્રામ સેવકશ્રી/વિસ્તરણ અધિકારીશ્રીઓ(ખેતી) અને ટેકનીકલ કર્મચારીઓ મળીને કુલ ૧૦૦ જેટલા તાલીમાર્થીઓ એ ભાગ લીધેલ હતો.

તાલીમ કાર્યક્રમમાં અત્રેના ડૉ. એમ. બી. પરમાર, સંશોધન વૈજ્ઞાનિકશ્રી(ચોખા) દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન આપી, ડાંગરની નવીનતમ જાતો, અત્રેની સંશોધનની કામગીરી તથા આગામી ખરીફ ઋતુ માટે ડાંગરના બિયારણના ઓનલાઈન વિતરણ વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી. શ્રી રવિન્દ્રસિંહ દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન આપી કૃષિ પ્રગતિ પોર્ટલ વિશે માહિતગાર કર્યા. શ્રીમતિ પારૂલબેન મકવાણા દ્વારા તાલીમાર્થીઓને વક્તવ્ય આપી કૃષિ પ્રગતિ પોર્ટલ વિષે સમજણ આપેલ. ત્યારબાદ કૃષિ પ્રગતિ પોર્ટલની કાર્યપધ્ધતી વિશે શ્રી પઠાણભાઈ અને શ્રી કાનનભાઈ દ્વારા ખુબ જ ઊંડાણ પૂર્વક પદ્ધતિ અનુસાર તાલીમ આપી. સદર કાર્યક્રમમાં ડૉ. ડી. જે. કાચા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા સીધી વાવણી પદ્ધતિ માટેની ડાંગરની વૈજ્ઞાનિક ખેતી કરવાથી ખેતી ખર્ચ ઘટે અને આવકમાં વધારો થાય તેના વિશે ઊંડાણ પૂર્વક સમજણ આપી. ડૉ. એસ. એસ. થોરાત, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા ડાંગરમાં આવતા રોગો તેમજ જીવાતોની ઓળખ અને તેના સંકલિક વ્યવસ્થાપન વિશે માહિતી આપી. શ્રી એન.આર.મકવાણા દ્વારા તમામ તાલીમાર્થીઓને એજ્યુકેશનલ મ્યુઝીયમની મુલાકાત કરાવી તાલીમ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.

**સંશોધન વૈજ્ઞાનિક(ચોખા)ઈ.ચા.**



